સ્વેનનો પુલ

અનિતા

સ્વેનનો પુલ

અનિતા

નદીને કિનારે એક નાના ગામમાં
સ્વેન નામનો એક માણસ રહેતો
હતો.

સ્વેન એક ડ્રોબ્રિજ (ઉપર ખુલે એવો મજાગરાવાળો પુલ) પર ચોકીદારનું કામ કરતો હતો. એને એ કામ બહુ પસંદ હતું. રોજ એ પુલને ધ્યાનથી ધોતો હતો, સાફ કરતો હતો અને એની મશીનરીમાં તેલ પૂરતો હતો.

જયારે નાવ પુલની નીચે આવતી, તો એને જવા માટે એ પુલને ખોલતો હતો.

ગામના લોકો એ પુલનો ખૂબ આનંદ લેતા હતા. પુલની સરખી દેખભાળ કરવા માટે એ સ્વેનને પણ પ્રેમ કરતા હતા.

ઉનાળાના દિવસોમાં મિત્રો એક-બીજાને નદીની બંને બાજુ મળી શકતા હતા.
"શુભ બપોર, સ્વેન," બધા લોકો સ્વેનને કહેતા હતા.

શિયાળામાં સ્વેન તાપણું કરતો હતો.

અને બધાને ગરમ ચોકલેટ પીવા માટે આપતો હતો.



એક દિવસ એક બહુ મોટી સઢવાળી નાવ આવી.

"જો, સ્વેન, જો!" બાળકોએ બૂમ પાડી.
"જો, રાજા આવી રહ્યા છે! રાજા માટે પુલ ખોલો!"



પણ સ્વેન પુલને અડધો પણ ખોલે એ પહેલા રાજાએ બૂમ પાડી, "પુલ માટે આ સાવ ખોટી જગ્યા છે! આ પુલથી યાત્રીઓને કેટલી અસુવિધા થાય છે!"

"જલ્દી કર, જલ્દી કર," ગુસ્સામાં પગ પટકતા એણે બરાડા પાડયા.
"હું રાત્રી ભોજન માટે મોડો પડીશ."



અચાનક રાજાએ એના ગુસ્સા પર નિયંત્રણ ગુમાવી દીધું.

એણે બૂમ પાડી, "તોપ ચલાવો!"
સૈનિકોએ તોપ ચલાવી.

અને પુલને હજાર ટૂકડામાં ઉડાવી દીધો.

મહિનાઓ સુધી લોકોએ પહેલાની જેમ એમના મિત્રોને મળવાની કોશિશ કરી. પણ પુલ વગર એ શક્ય ન હતું.



સ્વેને એક નાવ બનાવી. એણે આખો દિવસ ભારે મહેનત કરીને લોકોને એક કિનારેથી બીજા કિનારે પહોંચાડયા. "પુલ હતો ત્યારે આ કામ સરળ હતું. હવે આ કામ બહુ મુશ્કેલ છે," બધા લોકોએ કહ્યું.

એક મોડી રાતે સ્વેનને નદીને પાર ઘોડાની ખરીનો અવાજ સંભળાયો. રાજા એક મહેફિલમાંથી ઘરે પાછો ફરી રહ્યો હતો.

પણ રાત અંધારી હતી, અને ગાડીવાન થાકેલો હતો. અને એ પહેલા કે કોઈ બૂમ પાડતું, "થોભો!" શાહી ગાડી નદીમાં ગબડી પડી હતી.

સ્વેન બધાને બચાવવા તરત પહોંચી ગયો.

એણે જયારે રાજાને નાવમાં બેસાડવાની કોશિશ કરી, તો રાજાએ અસ્પષ્ટ અવાજમાં પૂછ્યું, "કેવી જગ્યા છે જ્યાં પુલ નથી! એનાથી પ્રવાસ કેટલો જોખમકારક થઈ જાય!"

પણ ઘરની અંદર રાજાએ સ્વેનને ઓળખી લીધો અને એને યાદ આવ્યું કે ત્યાં પુલ કેમ હતો નહીં. "આમાં મારો જ વાંક છે," એણે ઉદાસ થઈને કહ્યું. સ્વેને બધાને ગરમ ચોકલેટ અને તજવાળા બન્સ ખાવા માટે આપ્યા, અને બધા ખુશખુશાલ થઈ ગયા. અચાનક રાજાને એક શાહી વિચાર આવ્યો.

રાજાએ ઘોષણા કરી, "મારા પુલ બનાવવાના નિષ્ણાતો આવીને અહીં એક નવા પુલનું નિર્માણ કરશે."
"એનાથી પ્રવાસ ફરી સરળ થઈ જશે," સ્વેન સંમત થયો. અને એણે રાજાને બીજો કપ ગરમ ચોકલેટનો આપ્યો.



બીજેજ દિવસે નવા પુલના નિર્માણનું કામ શરુ થયું.
"પુલ બહુ ઊંચો બનશે," રાજાએ સમજાવ્યું. "જયારે હું મારી નાવમાં અહીંથી પસાર થઈશ, તો હું એની નીચેથી નીકળી શકીશ."

"એ બહુ સરસ થશે," સ્વેને કહ્યું.
કદાચ એને લીધે પુલ લાંબો સમય ટકશે, એણે મનમાં વિચાર્યું.

જયારે નવા પુલનું બાંધકામ પૂરું થયું, તો નદીના બંને
કિનારા પર રહેતા લોકો ઉજવણી કરવા આવ્યા.

એમણે ફૂલ ફેંક્યા અને રાજાને આવજો કહ્યું.
એમણે એના મિત્રોને ચુંબન કર્યું અને સવાર સુધી નાચ્યા.

સ્વેનને નવા પુલની દેખભાળ કરવાનું બહુ ગમ્યું.એ રોજ એને વાળતો અને પોલિશ કરતો. અને રોજ સાંજે, સૂર્યાસ્ત પછી, એ ઉજાસ આપતા ફાનસ લટકાવતો હતો, જેનાથી યાત્રીઓને અંધારામાં ઘરે જવાનો રસ્તો મળી શકે.

समाप्त